પેન્શન રીવીઝન સમયે કર્મચારીએ નિવૃત્તિ સમયે
મેળવેલ પગારધોરણ ધ્યાનમાં લેવા બાબત

ગુજરાત સરકાર
નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૦૨૦૧૭-સીસી-૨૭-પી,
સચિવાલય,ગાંધીનગર.
તા.૧૨/૦૩/૨૦૧૮

**વંચાણે લીધાઃ**

(૧) નાણા વિભાગના ઠરાવ ક્ર: પપક/ ૧૦૯૯/ ભા.સ.૧(૨)/ પી, તા.૦૧/૧૧/૨૦૦૦
(૨) નાણા વિભાગના ઠરાવ ક્ર: PGR/1009/4/Pay Cell(M), તા.૧૩/૦૪/૨૦૦૯
(૩) નાણા વિભાગના ઠરાવ ક્ર: PSN/102014/CC-36 (61446)/P, તા.૨૬/૦૨/૨૦૧૪
(૪) નાણા વિભાગના ઠરાવ ક્ર: PGR/102016/6/Pay Cell, તા.૧૫/૧૦/૨૦૧૬
(૫) સ્પેશયલ લીવ પીટીશન નં.૨૫૮૧૦-૧૧/૨૦૧૭, સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ પ્રભુદાસ સી. બારોટ

**પ્રસ્તાવના :**

ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૧), (૩) અને ક્રમ (૪) પરના ઠરાવથી રાજ્ય સરકાર દ્વારા પેન્શનર/કુટુંબ પેન્શનરના કેસમાં નિવૃત્તિ/અવસાન સમયે પેન્શનર જે હોદ્દો ધરાવતા હોય તે હોદ્દાને અનુરૂપ લઘુત્તમ પગારના ૫૦% પ્રમાણે પેન્શન અને ૩૦% પ્રમાણે કુટુંબ પેન્શન (તા.૧/૧/૨૦૦૬ પહેલાં નિવૃત્ત થયેલ કર્મચારીઓના કેસમાં પેન્શનપાત્ર સેવાના સપ્રમાણ) મંજૂર કરવાની સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આમ કરતી વખતે જે-તે કર્મચારીને મળેલ ઉચ્ચતર પગારધોરણ, સિલેકશન ગ્રેડ, સિનિયર ગ્રેડ ધ્યાને લેવામાં આવતા નથી, પરંતુ જે તે હોદ્દાને અનુરૂપ સુધારેલ મૂળ પગારધોરણ જ ધ્યાને લેવામાં આવે છે.

આથી, પેન્શન રીવાઈઝ કરતી વખતે કર્મચારીઓના નિવૃત્તિ સમયના હોદ્દાને ધ્યાને લેવાને બદલે કર્મચારીઓના નિવૃત્તિ સમયના પગારધોરણને ધ્યાને લઈ પેન્શન રીવીઝન કરવાની માંગણી પેન્શનરો દ્વારા અવાર-નવાર કરવામાં આવે છે. આ સંદર્ભે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં તેમજ

નામદાર સુપ્રીમકોર્ટમાં પેન્શનરો દ્વારા પીટીશનો દાખલ કરવામાં આવેલ છે. સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ પ્રભુદાસ સી. બારોટના કેસમાં ચુકાદો પેન્શનરો તરફી આવતા પેન્શન રીવીઝન સમયે કર્મચારીઓના નિવૃત્તિ સમયે ધારણ કરેલ હોદ્દાને બદલે નિવૃત્તિ સમયના પગારધોરણને ધ્યાને લઈને પેન્શન રીવાઈઝ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે એવું ઠરાવવામાં આવે છે કે, પેન્શનર/કુટુંબ પેન્શનરના કેસમાં નિવૃત્તિ સમયે/અવસાન સમયે પેન્શનર જે પગારધોરણ મેળવતાં હોય તે પગારધોરણને અનુરૂપ સુધારેલ પગારધોરણમાં જે પગારધોરણ અમલમાં આવેલ હોય તે પગારધોરણના લઘુત્તમ પગારના ૫૦% થી ઓછું નહિ તે પ્રમાણે અને (તા.૧/૧/૨૦૦૬ પહેલાં નિવૃત્ત થયેલ પેન્શનરના કિસ્સામાં પેન્શનપાત્ર સેવાના સપ્રમાણમાં ) અને ૩૦% થી ઓછું નહિ તે પ્રમાણે કુટુંબ પેન્શન મંજૂર કરવા માટેની કાર્યવાહી કરવાની રહેશે એટલે કે કર્મચારીઓને મળેલ ઉચ્ચતર પગારધોરણ, સિલેક્શન ગ્રેડ, સિનિયર ગ્રેડ ધ્યાને લેવાના રહેશે. આ લાભ મેળવવા પેન્શનર/ કુટુંબ પેન્શનરે તા.૧/૧૧/૨૦૦૦ના ઠરાવમાં નિયત કરેલ કાર્યપદ્ધતિને અનુસરવાની રહેશે.

નાણા વિભાગના ઠરાવક્રમાંક : પશન/૧૦૦૯/૭૨૬/પી, તા.૧/૯/૨૦૧૭ અન્વયે તા.૧/૧/૨૦૦૬ થી તા.૧૨/૪/૨૦૦૯ સુધીમાં સ્વૈચ્છિક નિવૃત્તિ લીધેલ હોય અને મહત્તમ પાંચ ઈજાફા મેળવેલ હોય અને આ પાંચ મહત્તમ ઈજાફાઓ જતા કર્યા હોય કે ના કર્યા હોય પરંતુ પેન્શનપાત્ર નોકરીના સપ્રમાણ પેન્શન મેળવેલ હોય તેઓને પણ આ ઠરાવ અન્વયે પેન્શનપાત્ર નોકરીના સપ્રમાણ પેન્શન રીવાઈઝડ કરવાનું રહેશે.

આ ઠરાવનો અમલ તારીખ ૦૧/૦૩/૨૦૧૮ ની અસરથી કરવાનો રહેશે તેમજ અગાઉના વર્ષોનો લાભ ''નોશનલ'' ગણવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમ અને તેમના નામે,

(કે.કે.પટેલ)
નાયબ સચિવ(પેન્શન અને તિજોરી)
નાણા વિભાગ.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(નાણા)ના અંગતસચિવશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર